જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૯/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૩૫૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ, ૧૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૭૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭ બીયર ટીન, ૦૪ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૩૫૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપમૃત્યુ: **સમાચાર યાદી નં.૧૩૫૪/૨૦૨૬**

ઓઢવ: ઓઢવ વિજય એસ્ટેટ શેડ.નં.૮૬/એ "ગજાનંદ સ્ટીલ" નામ ના કારખાનામાં નોકરી કરતા સીમાદેવી વા/ઓ પ્રદિપકુમાર પાલ (ઉ.વ.૪૨) (રહે.કમલેશ પાર્ક વિભાગ–૦૩ મહેશ્વરીનગર, ઓઢવ) તા.૨૫/૦૯/૨૦૨૬ કલાક ૧૦/૩૦ વાગ્યાની આસપાસ "ગજાનંદ સ્ટીલ" કારખાનામાં કામ કરતી વખતે કારખાનાની લીફ્ટ માથામાં અને ચેહરા ઉપર વાગવાથી ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧૨/૨૫ વાગે સીમાદેવીનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.જામંગ ચલાવે છે.

આત્મહત્યા: **સમાચાર યાદી નં.૧૩૫૫/૨૦૨૬**

વસ્ત્રાપુર: જનકભાઈ રાજેન્દ્રભાઈ ઠક્કર (ઉ.વ.૩૪)(રહે.યશ કોમ્પ્લેક્ષ પેજ વન હોટલની બાજુમા સંદેશ પ્રેસ રોડ વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૨૦૨૬ સવારના ૬/૧૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હાર્દિકભાઇ મયુરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી